આંક–૧ લગત હુકમ

ફિ.ઈ.નં.: ૦૯/૨૦૨૬

આ કામે ફરીયાદીની ફરીયાદ, રજુ થયેલ અસલ દસ્તાવેજીપુરાવા તથા ફરીયાદના સમર્થનમાં રજુ બી.એન.એસ.એસ.ની કલમ ૨૨૩ હેઠળ વેરીફીકેશનનું સોંગદનામું વંચાણે લેવામાં આવેલ છે. ફરીયાદીના વિ.વ.શ્રીની રજુઆત તથા દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબની હાલની ફરીયાદ આરોપી સામે રજુ કરેલ છે. ફરીયાદ સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા દયાને લેતા આરોપીએ તેઓના ખાતાનો ચેક ફરીયાદીને આપેલ છે. ઉકત ચેક માં આરોપીએ તેઓના અધિકારની રૂઈએ સહી કરેલ હોવાનું પ્રાથમીક દ્રષ્ટીએ જણાઈ આવે છે. જે તમામ હકીકતો ધ્યાને લેતા આરોપી વિરૂધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો બનતો હોવાનું પ્રથમદર્શનીય રીતે જણાઇ આવે છે.

ઉપરોકત હકીકતે હાલની ફરીયાદ ફોજદારી રજીસ્ટરે નોધી દાખલ કરવાનો હુકમ કરવામાં આવે છે. તથા આરોપી વિરૂધ્ધ મુ.તા. ૦૮/૦૫/૨૦૨૬ ના રોજનો બી.એન.એસ.એસ.ની કલમ ૨૨૭ હેઠળ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ મુજબના શીક્ષાપાત્ર ગુના સબબનો સમન્સ પાઠવવાનો હુકમ કરવામાં આવે છે.

તા.૦૯/૦૪/૨૦૨૬

માંડલ.

(હિતેશકુમાર રમેશચંદ્ર પટેલ)

જે.એમ.એફ.સી. માંડલ, અમદાવાદ (ગ્રામ્ય)

Judge Code: **GJ**01731